# પ્રાંતિજમાં હત્યાની અફવાએ લોકોને અચંબામાં મુકી દીધા

## હત્યાની અફવાએ લોકો અને પોલીસની ઉંઘ હરામ થઈ

પ્રાંતિજ, તા. ૨૫

પ્રાંતિજના મુખ્ય બજારમાં બે દિવસ અગાઉ દેસાઈ યુવાનની હત્યાના બનાવ બાદ પ્રાંતિજના અન્ય વિસ્તારમાં પણ બીજી હત્યા થઈ છે તેવી અફવાઓ ફેલાતા સમગ્ર પ્રાંતિજ પંથકમાં આ અફવાએ જોર પકડતા ભારે ચહલપહલ થઈ જવા પામી હતી અને માહિતી મેળવવા માટે મોબાઈલ ફોનની રીંગો વાગવા લાગી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ શહેરના મુખ્ય બજારમાં બે દિવસ અગાઉ દેસાઈની પોળમાં રહેતા એક દેસાઈ યુવાનની વહેલી સવારે કોઈ અજાણ્યા શખ્સો દ્વારા ગળાના ભાગે તિક્ષ્ણ હથિયાર વડે ઘા મારી કરપીણ હત્યા કરી નાખવામાં આવી હતી. ત્યારે હજુ આ હત્યા પાછળનું રહસ્ય ખુલ્યુ નથી ત્યાં તો બે દિવસથી પ્રાંતિજના અન્ય વિસ્તારમાં પણ લોહીથી લથપથ મૃતદેહ પડ્યો હોવાની વાત લોકોએ વહેતી કરતા રહિશો અચંબામાં પડી ગયા હતા અને શું થયું છે, ક્યાં હત્યા થઈ છે કોની હત્યા થઈ છે, તેની માહિતી મેળવવા આખો દિવસ લોકોના મોબાઈલની રીંગો સતત રણકતી રહી હતી. આ સંદર્ભે પોલીસને જાણ થતા પોલીસે પણ આમતેમ દોડી સાચી હકિકત મેળવવા ભારે દોડધામ કરી હતી. જો કે અંતે આ વાત સંપૂર્ણ પણે અફવા હોવાની હકિકત બહાર આવી હતી.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સ્થિત નવાપુરા ખાતે પ્રાંતિજ અને તલોદ તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા વર્ષ દરમિયાન પકડાયેલા રૂ. ૧૮ લાખના વિદેશી દારુના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ દારૂના જથ્થાનો નાશ પ્રાંત અધિકારી આશાબેન શાહ અને પ્રાંતિજ તેમજ તલોદ પોલીસ મથકના પી.આઈ. સહિતના કર્મચારીઓની હાજરીમાં કરવામાં આવ્યો હતો. (તસવીર : સંજય રાવલ)

## સોમનાથ-અંબાજી મંદિરોમાં કુલ ૨૩૦ કિલો સોનું ચઢાવાયું

ગાંધીનગર, તા. ૨૫

સોનું ભલે સામાન્ય વ્યકિતની પહોંચની બહાર જઈ રહ્યું હોય પરંતુ ભગવાનના ખજાનામાં ખાસ કરીને ગુજરાતનાં અંબાજી શકિતપીઠ ધામ અને સૌરાષ્ટ્રનાં સોમનાથ મહાદેવનાં ખજાનામાં સોનાની વૃદ્ધિ થઈ રહી છે. સામાન્ય રીતે ભગવાનની કૃપા ભકત પર ઉતરે છે અને તેના કારણે જે ભકતો શકિતમાન બન્યા છે તેઓ હવે ભગવાનનાં દરબારમાં સોનું ચઢાવી રહ્યા છે. સોમનાથ અને અંબાજીમાં છેલ્લા ત્રણ વર્ષમાં અંદાજે ૨૩૦ કિલો સોનું ચઢાવાયું છે. સોમનાથ મંદિરનાં સેકેટરી શ્રી પી.કે. લહેરીનાં જણાવ્યા મુજબ અહીં મંદિરમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૫૦ કિલો સોનું ચઢાવાયું છે. તેમાં મોટે ભાગે અતિ શુદ્ધ સોનું હોય છે. જયારે અંબાજી મંદિરમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૮૦ કિલો સોનું ચઢાવાયું છે.

## ઠાસરા ખાતે પુસ્તકાલય મંડળનું અધિવેશન યોજાયું

ઠાસરા તાલુકા પુસ્તકાલય મંડળનું અધિવેશન અને અમૃત મહોત્સવ ગ્રંથપાલ તાલીમ વર્ગ ડાકોરના ઠાકોરના ધામમાં યોજવામાં આવ્યો હતો. ડાકોર ખાતે ઠાસરા તાલુકા પુસ્તકાલય મંડળ દ્વારા અધિવેશન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પુસ્તકોની જરુરીયાત અને મહત્વ વિશે પ્રેરક પ્રવચન આપ્યું હતું અને મંડળના પ્રમુખ અમરસિંહના અમૃતપર્વ નિમિત્તે મંડળ અને મહેમાનો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

## નમો ગૃપની પ્રદેશ કારોબારીની મિટીંગ યોજવામાં આવી

નમો ગૃપ ઓફ ઈન્ડિયા ગુજરાત પ્રદેશ કારોબારી તા. ૨૪ના રોજ ડી.કે. પટેલ હોલ અમદાવાદ ખાતે યોજવામાં આવી હતી. આ પ્રસંગે ગૃપના રાષ્ટ્રીય પ્રમુખ રમેશભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ અલ્પેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પ્રદેશ કારોબારીમાં નમો ગૃપના જિલ્લાના પ્રમુખો, મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રાજ્યના જિલ્લાઓની માહિતી પુરી પાડી હતી. આ કારોબારીનો મુખ્ય એજન્ડા નરેન્દ્રભાઈને વડાપ્રધાન બનાવવા માટેનો હતો. તે માટે દરેક જિલ્લાના પ્રમુખો, મહામંત્રીઓ અને કાર્યકરોને કમર કસવા માટે જણાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પ્રમુખ કેતુલભાઈ પંચાસરાએ જણાવ્યું હતું.

# તસ્કરોએ પ્રવાહ બદલ્યો : ૩.૭૫ લાખના તલ ચોરી ફરાર

ઊંઝા, તા. ૨૫

ઊંઝા ખાતે હાઈવે પર થોભેલ તલનો જથ્થો ભરેલ પરપ્રાંતથી ટ્રકમાંથી રાત્રીના સમયે કોઈ તસ્કરો રૂપિયા પોણાચાર લાખની કિંમતની મત્તાની તલની ૪૦ બોરીઓની ઉઠાંતરી કરી ગયા હોવાનો ચોંકાવનારો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે રાજસ્થાનના ભરતપુર જિલ્લાના મોડીયા ગામના ટ્રકચાલક ઓમપ્રકાશ વિજેન્દ્રસિંગ જાટ ટ્રક નં. આર.જે.-૧૪-જી.ટી.-૫૧૫૭માં ઉત્તરપ્રદેશથી તલની બોરીઓ ભરીને વેપારીમથક ઊંઝા ખાતે વેચાણ માટે આવ્યા હતા. દરમિયાન રાત્રિના સમયે ઊંઝા હાઈવે પર લાલાજી બે બ્રિજ નજીક માલ ભરેલ ટ્રક થોભાવીને ટ્રકચાલક અને કલીનર ટ્રકની કેબિનમાં સુઈ ગયા હતા ત્યારે મધરાત બાદ કોઈ તસ્કરોએ ટ્રક ઉપરની તાડપત્રી તથા રસ્સાના બંધ કાપી નાંખી અંદરથી તલની ૪૦ બોરીઓની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. ચોરાયેલ તલની કિંમત રૂપિયા ૩,૭૫,૦૦૦ ની થવા જાય છે. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ટ્રકચાલકની ફરિયાદના આધારે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા પણ ઊંઝા ખાતે હાઈવે પર થોભેલ માલવાહક ટ્રકમાંથી રાત્રિના સમયે કોઈ તસ્કરોએ તાડપત્રી કાપીને અંદરથી માલની ઉઠાંતરી કરી હતી.

# ગૃહમાં પ્લે કાર્ડ પ્રદર્શિત કરતા કોંગ્રેસના ૧૩ સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૫

વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાપ દરમિયાન વિપક્ષ કોંગ્રેસના ૧૩ સભ્યોએ સૂત્રોચ્ચાર કરી પ્લે કાર્ડ પ્રદર્શિત કરતા તેમને આજના એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતાં.

આજે વિધાનસભા ગૃહની બીજી બેઠક શરુ થઈ ત્યારે પ્રશ્નોત્તરી દરમિયાન અમદાવાદ ગાંધીનગરને જોડતા મેટ્રો રેલની કામગીરી કોન્ટ્રાકટરને આપવા અંગે પૂછેલા પ્રશ્ન ક્રમાંક ૬માં વિપક્ષ કોંગ્રેસના સભ્યએ પેટા પ્રશ્ન કર્યો હતો. જેને માન્ય રાખવામાં આવ્યો ન હતો. આથી વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ ગૃહમાં સૂત્રોચ્ચાર સાથે હોબાળો મચાવી દીધો હતો અને કોંગ્રેસના કેટલાક સભ્યોએ પ્લે કાર્ડ પ્રદર્શિત કર્યા હતા.

હોબાળો મચાવતા કોંગ્રેસના સભ્યોને શાંત થવા અધ્યક્ષ અપીલ કરવા છતાં શાંત ન થતાં આખરે વિપક્ષના ૧૩ સભ્યોને આજના એક દિવસની કામગીરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતાં.

વિપક્ષના સભ્યોએ ગૃહમાંથી બહાર નકળ્યા બાદ કોંગ્રેસ છોડી ભાજપમાં ગયેલા પૂર્વ ધારાસભ્યોના નામ વાળા પ્લે કાર્ડ પ્રદર્શિત કર્યા હતા અને કેટલામાં ખરીદાયા તેનો હિસાબ આપોના લખાણ પ્લે કાર્ડમાં દર્શાવ્યા હતા.

આ ઉપરાંત વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ કર્ણાટકમાં યેદુરપ્પા ગુજરાતમાં નરેન્દ્ર મોદી રહ્યાના સૂત્રોચ્ચાર કર્યા હતાં.



## ગુજરાતની ઝાંખી કરાવતું ફોટો પ્રદર્શન ખુલ્લુ મુકાયું

ગુજરાતના અલગ અલગ શહેરોના કલ્ચરને ધ્યાનમાં રાખીને સિંધી અને પુરબી ભટ્ટાચાર્ય દ્વારા લેવામાં આવેલી તસ્વીરોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના કલ્ચર અને તેના રંગોને તસ્વીરો દ્વારા રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ગુજરાતના ગામડાઓ અને ઉજવાતા તહેવારોના દશ્યો ફોટો ગ્રાફસમાં જોવા મળ્યા હતા. આ પ્રદર્શની ગાંધીનગર સીટી પલ્સ ખાતે આર્ટ ગેલેરીમાં રાખવામાં આવી છે. જે ૨૧ માર્ચ સુધી ચાલશે. જેનો મુલાકાતનો સમય બપોરે ૨ વાગ્યાથી રાત્રે ૧૨ વાગ્યા સુધીનો રહેશે.

## ગાંધીનગરના અરવિંદભાઈ શાહને બેંગકોક ખાતે એવોર્ડથી સન્માનિત કરાયા

તાજેતરમાં તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ બેંગકોક ખાતે એવોર્ડ સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં ભારતીય ઉદ્યોગ અને



વૈશ્વિક શાંતિના વૈશ્વિકરણ માટે ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કુલના મેનેજીંગ ડાયરેકટર અરવિંદભાઈ મફતલાલ શાહને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે શાહને અગાઉ પણ દિલ્હી ખાતેથી સર્વોત્તમ શ્રેષ્ઠતા માટે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

## અંડર-૧૯ ક્રિકેટ ટુર્નામેન્ટમાં હિરામણી સ્કુલનો એક ઈનીંગ્સ, ૨૫૭ રને વિજય

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદ શહેરમાં નિયમિત રીતે રમાતી આંતર શાળા ક્રિકેટ ટુર્નામેન્ટમાં દિવાન બલ્લુભાઈ કંપની અંડર-૧૯ની એક ટુર્નામેન્ટમાં મોટેરા સ્ટેડીયમના ક્રિકેટ ગ્રાઉન્ડ પર હિરામણી શાળાએ વિદ્યાનગર હાઈસ્કુલ સામે એક ઈનીંગ્સ અને ૨૫૭ રને ભવ્ય વિજય મેળવ્યો હતો.

શાળાના ખેલાડી ક્ષિતિજ પટેલે નોટ આઉટ ૨૦૨ રન અને હર્ષિલ શાહે ૧૧૮ રન કર્યા હતા. શાળા તરફથી પ્રથમ દાવમાં ટીમના સુકાની આસવ પંચાલે પ્રથમ દાવમાં ૫ વિકેટ અને ક્ષિતિજ પટેલે બીજા દાવમાં ૬ વિકેટ મેળવી શાળાને ભવ્ય વિજય અપાવ્યો હતો અને શાળા ગૌરવ અપાવ્યું હતું.

શ્રી વિદ્યાનગર હાઈસ્કુલ પ્રથમ દાવ ૧૨૯ રન તેમાં શાળાના ખેલાડી મુસ્તાક પઠાણે ૭૮ રન કરી મુખ્ય યોગદાન આપ્યું હતું. તેના જવાબમાં હિરામણી શાળાએ પ્રથમ દાવ ૫ વિકેટે ૫૫૨ રનનો જંગી સ્કોર મુકયો હતો. જેમાં ક્ષિતિજ પટેલ ૨૦૨ રન નોટ આઉટ હર્ષિલ શાહના ૧૬૮ રન મુખ્ય હતા. શાળાએ ૫ વિકેટે દાવ ડિકલેર કરી શ્રી વિદ્યાનગર હાઈસ્કુલને બીજો દાવ આપ્યો હતો. જેમાં હીરામણિ શાળાના ક્ષિતિજ પટેલે ૬ વિકેટ લીધી હતી.

આમ હિરામણિ શાળાનો એક ઈનીંગ્સ અને ૨૫૭ રન ના જંગી જુમલાથી ભવ્ય વિજય થયો હતો. આમ શાળા આ કપની ફાઈનલ મેચ તા. ૨૭-૨-૨૦૧૪થી મોટેરા સ્ટેડિયમના એકેડમીના ગ્રાઉન્ડ પર સંત કબીર સ્કુલ સામે રમશે.

## માનવ કલ્યાણ યોજના હેઠળ સહાય ચૂકવવામાં આવે છે

સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગરીબ કલ્યાણ મેળાઓમાં કુટિર ઉદ્યોગો માટે સહાય ચૂકવવામાં આવી હોવાનું રાજ્યના કુટીર ઉદ્યોગ રાજ્યમંત્રી વાસણભાઈ આહીરે એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે પૂછેલા એક પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય કુટીર ઉદ્યોગ મંત્રી વાસણભાઈ આહીરે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૨માં સુરત જિલ્લાના ૧૦ તાલુકાઓમાં ૨૪૮૨ ટુલ કીટ્સોનું વિતરણ કરીને રૂ. ૧૨૪.૧૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે. જ્યારે વર્ષ ૨૦૧૩માં ૨૬૭૧ ટિલ કિટ્સનું વિતરણ કરીને રૂ. ૧૩૩.૫૫ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

## છબીલ પટેલ, પ્રભુભાઈ પટેલ આજે ભાજપમાં જોડાયા

ધારાસભ્યપદેથી રાજીનામુ આપનાર કોંગ્રેસના બે પૂર્વ ધારાસભ્યો આજે વિધિવત રીતે ભાજપમાં જોડાતા તેમને કેસરી ખેસ પહેરાવી પ્રવેશ આપવામાં આવ્યો હતો. કોંગ્રેસના અબડાસાના ધારાસભ્ય પદેથી છબીલ પટેલે ગઈકાલે રાજીનામુ આપ્યુ હતુ. આ ઉપરાંત માંડવીના ધારાસભ્ય પ્રભુભાઈ વસાવાએ પણ ધારાસભ્ય પદેથી રાજીનામુ આપ્યું હતું. આ બન્ને પૂર્વ ધારાસભ્યોએ રાજીનામુ આપ્યા બાદ આજે કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાયા હતા.

# યુનિવર્સિટીમાં મારામારી થતાં લાઠીચાર્જ કરાયો : ૧૫ ઘાયલ

અમદાવાદ, તા. ૨૫

ગુજરાત યુનિવર્સિટીમાં આજે વિદ્યાર્થી સેનેટ અને બોર્ડ ઓપ સ્ટુડન્ટ્સની ચૂંટણીની મતગણતરી થાય, તે પહેલા જ એબીવીપી અને એનએસયુઆઈ વચ્ચે બોલાચાલી પછી મારામારી થતાં અફરાતફરી મચી ગઈ છે. મતપેટીના સીલ ખૂલા હોવાનો આક્ષેપ એબીવીપી દ્વારા કરવામાં આવતા હોબાળો મચી ગયો હતો. એટલું જ નહીં વિદ્યાર્થી નેતાઓએ એક પોલીસ અધિકારીને પાડી દેતા તેમજ એક ઉચ્ચ અદિકારીના પૂતળાનું દહન કરતા પોલીસ વિફરી હતી અને પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. જેમાં એબીવીપી અને એનએસયુઆઈના ૧૦થી ૧૫ કાર્યકોરને ઈજા થઈ છે. પોલીસે યુનિવર્સિટીમાં બબાલ કરનાર તોફાનીઓની અટકાયત કરી છે.

આજે સવારે નવ વાગ્યાથી ગત રવિવારે યોજાયેલી ચૂંટણીની મતગણતરી થવાની હતી. આ માટે સવારે સાડા દસ વાગ્યે મતપેટીઓ યુનિવર્સિટી ખાતે લાવવામાં આવી હતી. આ પ્રસંગે ઔવીપી દ્વારા ભાદ્રણ, પેટલાદ અને પીપળીયા કેન્દ્રમાંથી આવેલી મતપેટીના સીલ ખૂલા રહ્યા હોવાના આક્ષેપ કર્યો હતો. જેને પગલે ભારે હોબાળો થયો હતો. એટલું જ નહીં, આ મુદ્દે એબીવીપી અને એનએસયુઆઈ વચ્ચે બોલાચાલી થઈ હતી અને જે અંતે મારામારીમાં પરણમી હતી. એબીવીપીએ મતપેટીમાં છેડછાડના આક્ષેપ સાથે ચૂંટણી બંધ રાખવાની માંગણી કરી છે, જ્યારે એનએસયુઆઈએ મતગણતરી કરવાની માંગણી કરી છે. રાજકીય કારકીર્દીનું પ્રથમ પગથિયું મનાતી ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સેનેટ અને બોર્ડ ઓપ સ્ટુડન્ટ વેલ્ફેરની ચૂંટણી અંતર્ગત રવિવારે બોર્ડ ઓફ સ્ટુડન્ટ વેલ્ફેરની ચૂંટણીમાં બેલેટ પેપર બહાર ફરતું હોવાની સાથે સાથે તેના આધારે એબીવીપીએ બોગસ વોટિંગ કર્યું હોવાના આક્ષેપને લઈને વિવાદ થયો હતો.

## વડનગર હાટકેશ્વરના પરિસરમાં તોડફોડના કારણે ઉગ્ર આક્રોશ

અમદાવાદ, તા. ૨૫

સમગ્ર ગુજરાત નાગર પરિષદના રાજયકક્ષાના ચેરમેન અરૂણભાઈ બુચ, નરેશભાઈ રાજા ઉપપ્રમુખ સુભાષભાઈ શાહ, રાજીવભાઈ વચ્છરાજાતીએ જણાવેલ છે . ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા વડનગરના હાટકેશ્વર મહાદેવના ટ્રસ્ટીઓએ નાગર બ્રાહ્મણ-નાગર વણિક જ્ઞાતિના ઈષ્ટદેવ હાટકેશ્વર મહાદેવની તોડફોડ વિકાસના નામે ચાલુ કરેલ છે. જેના કારણે શિવરાત્રીના તહેવારના દિવસે નાગરો ઈષ્ટદેવની આરાધના કરવા વડનગર આવે છે. મહાદેવની અંદરની રૂમો, સંડાસ, રસોડું તોડી નાખેલ છે. જેનાથી મુશ્કેલી પડશે. હાટકેશ્વર દાદાની રવાડી શિવરાત્રીના દિવસે નીકળે છે તેની પણ તકલીફ થશે. તોડફોડ નહીં અટકે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

# ખેડબ્રહ્મામાં બાબા રામદેવજીની યોગ દીક્ષા સભા યોજાઈ

## યોગનું મહત્વ સમજાવવાની સાથે સોનિયા-રાહુલ અને કેજરીવાલ ઉપર વરસ્યા



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મામાં બાબા રામદેવજીની યોગ દિક્ષા અને રાષ્ટ્ર નિર્માણ સભાનું પોલીસ સ્ટેશનની સામે સોમવારે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારોની સંખ્યામાં આબાલ-વૃધ્ધ સૌ ઉમટી પડયા હતાં.

ખેડબ્રહ્મામાં યોજાયેલી બાબા રામદેવજીની સભામાં સ્થાનિક પતંજલી પરિવાર તરફથી શાલ ઓઢાડી અને તલવાર અર્પણ કરી બાબાનું સન્માન કરવામાં આવ્યું હતું. યોગનું મહત્વ સમજાવતાં યોગગુરુએ જણાવ્યું હતું કે યોગ કરશો તો કોઈ રોગ નહીં રહે. ખેડબ્રહ્માના તિર્થ જયેશકુમાર સુથાર ૪ વર્ષનો હતો ત્યારથી બ્લડ કેન્સર હતું આજે ૧૨ વર્ષનો છે અને તે ફકત યોગ અને આયુર્વેદીક દવાઓથી રોગ મુકત છે તિર્થને સ્ટેજ ઉપર બોલાવી આ યોગનું મોટું ઉદાહરણ છે તેમ કહી તિર્થને બિરદાવ્યો હતો.

યોગની સાથે યોગગુરુએ સોનીયા-રાહુલ અને કેજરીવાલની ઝાટકણી કાઢી હતી. આ લોકોએ એક મતના બદલે ૧ લાખ હજાર કરોડ રૂપિયા લુંટયા છે. મોદીને પી.એમ. બનાવો તો બધું કાળુ નાણું દેશમાં પરત આવશે. ૧૯૪૭માં વલ્લભભાઈ પટેલને વડાપ્રધાન બનાવવા માટે ભૂલ કરી હતી તે ભૂલ મોદી માટે ન કરતા તેવું ભારપૂર્વક જણાવ્યું હતું.

કેજરીવાલની ઝાટકણી કાઢતા બાબાએ કહ્યું હતું કે ઝાડુ ગમે તેટલું સારું હોય પણ તે બે માસથી વધુ ચાલતું નથી. બ્રહ્મ એટલે ભગવાન આ ભગવાનનું ગામ છે. આપણે સૌ બ્રહ્મ સ્વરૂપ છીએ તમારી અંદર બ્રહ્મ છે બાકી બધું ભ્રહ્મ છે.

પેટનો ઉલ્લેખ-પેટ બતાવી રામદેવજીએ કહ્યું હતું સેન્ટ્રલ ગવર્નમેન્ટ સારી હશે તો આખું શરીર-સ્ટેટ ગવર્નમેન્ટ સારી રહેશે. આ રાજનિતી નથી. આતો પોલીટીકસ સાયન્સ છે. મોદી ફકીર છે હું પણ ફકીર છું. માટે સાથ આપું છું. રાહુલને યોગ શિખવાડયો છે પણ તે ભોગમાં લાગ્યો છે. મોદીને શિખવાડયો છે તે કરે છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ટચુકડી જાહેર ખબર દર ગુરુવારે-રવિવારે